# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 27-11-2024 Evening : 7.50 to 8.00
Day : WEDNESDAY National News

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

1) વિરોધ પક્ષોએ વિવિધ મુદ્દે શોરબકોર કરતાં સંસદના બંને ગૃહોની કાર્યવાહી આજનાં દિવસ પૂરતી મોકૂફ
2) કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ બાળ વિવાહ મુક્ત ભારતના રાષ્ટ્રીય અભિયાનની શરૂઆત કરાવી
3) પીએમ-સૂર્યઘર મુફ્ત બિજલી યોજના હેઠળ રૂફ ટોપ સોલર સિસ્ટમ સ્થાપવામાં ગુજરાત પ્રથમ ક્રમે
4) ટ્રેનોમાં સામાન્ય વર્ગનાં ડબ્બા બંધ કરવાની રેલવેની કોઈ યોજના ન હોવાની સરકારની સ્પષ્ટતા
5) કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે બાંગલાદેશમાં હિંદુઓ પર હુમલા અંગે સંયુક્ત રાષ્ટ્રની દરમિયાનગીરીની માંગ કરી
6) ભારતીય ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ આઇસીસી મેન્સ ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં ટોચનાં ક્રમે

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PARLIAMENT ADJOURNED

એક અગ્રણી ઉદ્યોગ જૂથ સામે કથિત લાંચના આરોપો સહિત વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષોએ ભારે હોબાળો કરતાં સંસદના બંને ગૃહોની કાર્યવાહી આજનાં દિવસ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે.

આજે સવારે જ્યારે રાજ્યસભાની કાર્યવાહી શરૂ થઈ ત્યારે વિરોધ પક્ષોનાં સાંસદોએ એક અગ્રણી ઉદ્યોગ જૂથ સામે કથિત લાંચનાં આરોપો, મણિપુરની હિંસા અને ઉત્તરપ્રદેશનાં સંભલમાં હિંસા જેવા મુદ્દે નિયમ 267 હેઠળ આપેલી ગૃહ મોકૂફીની નોટિસને સભાપતિ જગદીપ ધનખડે ફગાવી દીધી હતી.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યસભાએ સભાપતિનાં નિર્દેશનું પાલન કરવાની સ્થાપિત પરંપરાને અનુસરવાની જરૂર છે. વિરોધ પક્ષનાં સભ્યોએ ગૃહમાં શોરબકોર કરતા ગૃહની કાર્યવાહી 11-30 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. જ્યારે ગૃહ ફરી મળ્યું  ત્યારે વિરોધ પક્ષનાં સભ્યો ફરી એ જ મુદ્દાઓ ઉઠાવતા ગૃહને દિવસ માટે મોકૂફ રાખવાની ફરજ પડી હતી.

લોકસભામાં પણ ગૃહ પુનઃ મળ્યું ત્યારે કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે, ટીએમસી અને અન્ય વિપક્ષી સભ્યોએ સમાન મુદ્દાઓ પર સુત્રોચ્ચાર કર્યા. પીઠાસીન અધ્યક્ષની વારંવારની વિનંતી છતાં વિરોધ ચાલુ રહેતાં ગૃહને દિવસ પૂરતું મોકૂફ રાખવામાં આવ્યું હતું.

## BAL VIVAH MUKT BHARAT

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ આજે નવી દિલ્હીમાં બાળ વિવાહ મુક્ત ભારતના રાષ્ટ્રીય અભિયાનની  શરૂઆત કરાવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ભારતને બાળ લગ્ન મુક્ત રાષ્ટ્ર બનાવવાનો છે.

અભિયાન શરૂ કરાવતા સુશ્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું કે, સરકારે દેશમાં 130 જિલ્લા નક્કી કર્યા છે, જ્યાં આ અભિયાન પર ભાર મૂકવામાં આવશે. તેમણે જણાવ્યું કે, બાળ લગ્ન માત્ર ફોજદારી ગુનો જ નથી, માનવ અધિકારનો પણ ભંગ છે.

તેમણે જણાવ્યું કે, બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન માત્ર 10-15 દિવસનો કાર્યક્રમ નથી, પણ અવિરત પ્રયત્ન છે, જે ભારત બાળ વિવાહનાં દુષણથી મુક્ત નહીં થાય ત્યાં સુધી ચાલુ રહેશે.

(બાઇટ-અન્નપૂર્ણા દેવી)

શ્રીમતી અન્નપૂર્ણા દેવીએ બાળ લગ્ન-મુક્ત ભારત પોર્ટલનું પણ અનાવરણ કર્યું હતું. બાળ લગ્ન અટકાવવા અને બાળ લગ્નની ઘટનાઓ અંગે જાગૃતિ વધારવાના  અભિયાનને સમર્થન આપવા માટે ઓનલાઈન પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે.

## PM VIKSIT BHARAT CHALLENGE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે યુવાનોને ક્વિઝમાં ભાગ લેવા વિનંતી કરી છે, જેથી તેઓ ઐતિહાસિક વિકિસિત ભારત યુવા નેતા સંવાદનો ભાગ બની શકે. વિકિસિત ભારત ચેલેન્જ એ ચાર તબક્કાની સ્પર્ધા છે, જેમાં યુવાનોને ભાગ લેવા અને વિચારોનું યોગદાન આપવા આમંત્રણ આપવામાં આવે છે. ચેલેન્જની શરૂઆત 25મી નવેમ્બરથી પાંચ ડિસેમ્બર સુધી ઓલ ઈન્ડિયા ડિજિટલ ક્વિઝ સ્પર્ધા સાથે થશે. આ સ્પર્ધા 15 થી 29 વર્ષની વયના તમામ વ્યક્તિઓ માટે ખુલ્લી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે આ ક્વિઝ દ્વારા યુવાનો વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવામાં અવિશ્વસનીય યોગદાન આપશે.

## LS- PM SURYAGHAR

પીએમ-સૂર્યઘર મુફ્ત બિજલી યોજના હેઠળ રૂફ ટોપ સોલર સિસ્ટમ સ્થાપવામાં ગુજરાત પ્રથમ ક્રમે છે.

લોકસભામાં લેખિત જવાબમાં કેન્દ્રીય નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી શ્રીપાદ નાઇકે જણાવ્યું કે, દેશમાં આશરે 26 લાખ અરજીઓ મળી છે, જેમાંથી છ લાખ

16 હજાર સિસ્ટમ સ્થાપવામાં આવી છે. બે લાખ 81 હજાર સોલર સિસ્ટમ સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે, જ્યારે મહારાષ્ટ્રમાં એક લાખ 20 હજારથી વધુ સિસ્ટમ સ્થાપવામાં આવી છે. કેરળ અને ઉત્તરપ્રદેશમાં 51 હજાર સિસ્ટમ સ્થાપવામાં આવી છે.

આ યોજના હેઠળ દેશનાં તમામ રહેણાંક ગ્રાહકો અરજી કરી શકે છે અને એક કરોડ ઘરોમાં સિસ્ટમ લગાવવાનાં લક્ષ્યમાં રાજ્યવાર ફાળવણી નથી કરવામાં આવી.

સોલર રૂફટોપ સિસ્ટમ બેસાડવા માટે ગ્રાહકો નેશનલ પોર્ટલ https://www.pmsuryaghar.gov.in.પર અરજી કરી શકે છે.

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો.

## JHARKHAND-MAHARASHTRA GOVT FORMATION

હેમંત સોરેન આવતી કાલે ચોથી વાર ઝારખંડના મુખ્યમંત્રી પદનાં શપથ ગ્રહણ કરશે. રાંચીનાં મોરાબાડી ગ્રાઉન્ડ ખાતે આયોજિત શપથગ્રહણ સમારોહમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, એનસીપીના નેતા શરદ પવાર, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી સહિતના અગ્રણીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

શ્રી સોરેન ઉપરાંત, કોંગ્રેસ અને આરજેડીમાંથી એક-એક મંત્રી પણ શપથ લે તેવી સંભાવના છે.

દરમિયાન, મહારાષ્ટ્રના કાર્યકારી મુખ્યમંત્રી અને શિવસેનાના વડા એકનાથ શિંદેએ આજે જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રીનાં હોદ્દા અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો નિર્ણય અંતિમ હશે.

મુંબઇમાં એક પત્રકાર પરિષદને સંબોધતા શ્રી શિંદેએ જણાવ્યું કે, તેમણે મંગળવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ સાથે ફોન પર વાત કરી હતી અને મુખ્યમંત્રી તરીકેનાં પોતાનાં અઢી વર્ષનાં કાર્યકાળ દરમિયાન મજબૂત ટેકો આપવા બદલ તેમનો આભાર માન્યો હતો.

## LS UNRESERVED COACHES

સરકારે આજે લોકસભામાં જણાવ્યું હતું કે, ટ્રેનોમાં સામાન્ય વર્ગનાં ડબ્બા બંધ કરવાની રેલવેની કોઈ યોજના નથી. એક લેખિત જવાબમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વર્તમાન નાણાકીય વર્ષ દરમિયાન LHB કોચ ધરાવતી મેઇલ-એક્સપ્રેસ ટ્રેનોમાં 600થી વધુ જનરલ ક્લાસના ડબ્બા જોડવામાં આવ્યા છે. પ્રવાસીઓની માંગણીને ધ્યાનમાં રાખતા ભારતીય રેલવેએ સામાન્ય વર્ગ અને સ્લિપર વર્ગ સહિતનાં 10 હજાર નોન-એસી કોચનું ઉત્પાદન કરવાની યોજના બનાવી છે.

## ISCON GURU ARREST

કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે આજે બાંગલાદેશમાં હિંદુઓ પર હુમલાના મામલામાં સંયુક્ત રાષ્ટ્રની દરમિયાનગીરીની માંગ કરી છે. સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા શ્રી સિંહે કહ્યું કે આ ઘટના પ્રતિબિંબિત કરે છે કે બાંગ્લાદેશની વચગાળાની સરકાર કટ્ટરવાદીઓની પકડમાં છે. તેમણે કહ્યું કે, આવા હુમલા માનવતા વિરુદ્ધ છે. તેમણે આ મામલે કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોના મૌન પર પણ સવાલ ઉઠાવ્યા હતા.

તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ સૌગાતા રેએ કહ્યું કે, બાંગ્લાદેશમાં જે પણ થાય છે તેની અસર પશ્ચિમ બંગાળ પર પડે છે. તેમણે કહ્યું કે ઈસ્કોનના વડાની ધરપકડ ગેરવાજબી છે. શ્રી રેએ કહ્યું, ભારતે આ મામલે રાજદ્વારી રીતે હસ્તક્ષેપ કરવો જોઈએ.

## ICC MEN'S TEST BOWLING RANKINGS

ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટમાં 295 રનનાં વિજયને પગલે ભારતીય ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહે આઇસીસી મેન્સ ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં ટોચનો ક્રમ મેળવ્યો છે. આ ઉપરાંત ઓપનર યશસ્વી જયસ્વાલે બેટ્સમેનની યાદીમાં બીજો ક્રમ મેળવ્યો છે.

પર્થમાં રમાયેલી મેચમાં બુમરાહે કુલ આઠ વિકેટ મેળવતાં દક્ષિણ આફ્રિકાના કાગિસો રબાડા અને ઓસ્ટ્રેલિયાના સીમર જોશ હેઝલવુડને પાછળ છોડીને ટેસ્ટ ક્રિકેટમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે.

બુમરાહ 883 રેટિંગ પોઇન્ટ સાથે કારકિર્દીમાં શ્રેષ્ઠ સ્થાને પહોંચ્યા છે. કોઈ ભારતીય ફાસ્ટ બોલરે આઇસીસી રેન્કિંગમાં મેળવેલા આ સૌથી વધુ પોઇન્ટ છે. ટેબલમાં સ્પિનર આર અશ્વિન 904 અને રવિન્દ્ર જાડેજા 899 પોઇન્ટ સાથે મોખરે છે. વિરાટ કોહલીએ અણનમ 100 રન કરતા તેઓ નવ ક્રમ આગળ વધીને 13મા ક્રમે પહોંચ્યા છે.

## SYED MODI INTERNATIONAL 2024 BWF

લખનઉમાં રમાઇ રહેલી સૈયદ મોદી ઇન્ટરનેશનલ 2024 BWF સુપર 300 ટુર્નામેન્ટમાં ભારતીય બેડમિન્ટન ખેલાડી પી વી સિંધુ અને લક્ષ્ય સેન આગળ વધ્યા છે. મહિલા સિંગલ્સનાં પ્રથમ રાઉન્ડમાં પીવી સિંધુએ 17 વર્ષીય અનમોલ ખર્બ અને પુરુષ સિંગલ્સમાં લક્ષ્ય સેને મલેશિયાના શોલેહ ઐદિલને હાર આપી હતી.

## INDIA-ISRAEL LEBANON CEASEFIRE

ભારતે ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચેના યુદ્ધવિરામનું સ્વાગત કર્યું છે. એક નિવેદનમાં, વિદેશ મંત્રાલયે કહ્યું કે, ભારતે સંયમ, સંવાદ અને રાજદ્વારી ઉપાયો દ્વારા હંમેશા તણાવ ઘટાડવાનું વલણ અપનાવ્યું છે. ભારતે આશા વ્યક્ત કરી હતી કે, આ વિકાસ વ્યાપક ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા તરફ દોરી જશે.